# સુરતમાં ગાંધીજીની યાદોનો ખજાનો: ફોટા, સ્ટેમ્પ, વોઈસ રેકોર્ડિંગ્સનો સંગ્રહ

CREATIVE માઈન્ડ્સ

આજે 2જી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની 157મી બર્થડે સમગ્ર દેશ ઉજવી રહ્યું છે. અહિંસાના માર્ગે ચાલીને દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવનાર મહાત્મા ગાંધીજી તો સુરતીઓના દિલોમાં પણ વસ્યા છે, કેટલાય ગાંધીપ્રિય સુરતીઓએ તેમની યાદોના સ્વરૂપમાં તેમના ફોટોગ્રાફ્સ, તેમના અવાજને આજે પણ સાંભળી શકાય તે માટે તેમના ભાષણોની રેકોર્ડસ સાચવી રાખી છે. તમને કદાચ ખ્યાલ નહીં હોય કે ગાંધી બાપુ 1916થી 1935ના ગાળામાં 40થી વધુ વખત સુરત આવ્યા હતા, જ્યાં તેમણે મિટિંગો, રાત્રી રોકાણ કર્યું હતું કે જ્યાં તેમણે ભોજન ગ્રહણ કર્યું હતુ એવા મકાનો મહાત્મા ગાંધીજીની યાદોને વાગોળતા આજે પણ અડીખમ ઉભા છે. સુરતના એક ડૉકટર પાસે તો મહાત્મા ગાંધીજીની હત્યાના સમાચારો વિશ્વના જેટલા દેશોના અખબારમાં બીજા દિવસે પ્રકાશિત થયા હતા, તેમના મોટાભાગના અખબારોની ઓરીજીનલ કોપીઓ સચવાયેલી છે. સુરતની કેટલીક સંસ્થાઓમાં ગાંધીજીના સ્મૃતિચિહ્નો તો મળી જશે પણ વ્યક્તિગત રીતે પણ સુરતીઓએ ગાંધીજીને લગતી વસ્તુઓનો ખજાનો સાચવી રાખ્યો છે. આ બધી યાદો આ લેખના માધ્યમથી ગાંધી જન્મજયંતીના અવસર પર વાગોળીએ...



## ગાંધીજીના ઓરીજીનલ ફોટા અને સ્ટેમ્પનું કલેક્શન






ઝવેરાતના વ્યસાય સાથે સંકળાયેલા અને ફિલાટેલિસ્ટ હિરેનભાઈ ઝવેરી પાસે 15મી ઓગસ્ટ 1948 આઝાદીની પ્રથમ વર્ષગાંઠ પર ભારતીય પોસ્ટ વિભાગે ગાંધીજીની સ્ટેમ્પ બહાર પાડી હતી તે સ્ટેમ્પથી લઈને અત્યાર સુધી ગાંધીજી રિલેટેડ જેટલી સ્ટેમ્પ રિલીઝ થઈ છે તે બધી લગભગ 65 સ્ટેમ્પ પાસે છે. 1925થી 1930 સુધી ગાંધીજીના ફોટોગ્રાફર બમનજી હતા તેમણે ગાંધીજીના પાડેલા ફોટાનું તેમના ગ્રાન્ડ ડોટર તરફથી લંડનમાં થયેલા ઓક્શનમાંથી મેળવેલા ગાંધીજીના ફોટા છે. જેમાં દાંડીયાત્રા દરમિયાન ગાંધીજી જ્યાં રોકાયા હતા, તાપી કિનારે કોંગ્રેસ અધિવેશનના ફોટા છે. 2011માં પોસ્ટ વિભાગે સ્ટેટ લેવલનું એક્ઝિબિશન કર્યું હતું તેમાં 500 પોસ્ટકાર્ડના સેટ બનાવ્યા હતા. તેમાં ગાંધીજી દાંડી યાત્રા દરમિયાન જે જે જગ્યાઓ પર નાઈટ હોલ્ટ કર્યો હતો તે જગ્યાના પોસ્ટકાર્ડ પણ હિરેનભાઈએ સાચવીને રાખ્યા છે.



## ગાંધીજીએ લખેલા પત્ર અને તેમના ઓરીજીનલ વોઇસની રેકોર્ડસ






ઓર્થોપેડિક સર્જન ડૉ. ધીરેન મહિડા પાસે ગાંધીજીએ ડૉ. મૌલાના અબ્દુલ કલામ આઝાદને અંગ્રેજીમાં અને સરદાર વલ્લભભાઈ પટેલને ગુજરાતીમાં લખેલા બે પત્ર છે. આ ઉપરાંત ગાંધીજીના ઓરીજીનલ વોઈસમાં તેમના ભાષણોની 30 જેટલી રેકોર્ડસ છે. 2 ઓક્ટોબર 1869માં ગાંધીજીનો જન્મ થયો હતો એ દિવસે ભારતીય ટપાલ વિભાગે પોસ્ટલ સિક્કા સાથેના યુઝ કરેલા કવર પણ છે, જેને પોસ્ટલ હિસ્ટ્રી કવર કહેવાય છે. લોકો ગાંધીજીને લેટર લખતા અને એડ્રેસમાં માત્ર ગાંધીજીનું નામ લખતા બીજું કાંઈ જ નહીં છતાં તે લેટર ગાંધીજી સુધી પહોંચતા, તેવા લેટરના કવર પણ ડૉ. મહિડાના ઘરમાં સાચવીને રાખવામાં આવ્યા છે.



## કિલ્લાનાં મ્યુઝિયમમાં જરદોશી વર્કની ગાંધીજીની ફોટોફ્રેમ અને સ્ટેમ્પ કલેક્શન




ચોકબજાર સ્થિત કિલ્લાના મ્યુઝિયમમાં જરદોશી વર્કની ગાંધીજીની ફોટોફ્રેમ અને વિવિધ દેશોએ મહાત્મા ગાંધીજીના સન્માનમાં પ્રસિદ્ધ કરેલી પોસ્ટલ સ્ટેમ્પ પણ સાચવીને રાખવામાં આવી છે. જરદોશી કળાયુક્ત ફ્રેમ ગાંધીજીની યાદમાં સુરતના કારીગર સાકેરલાલ જરીવાળાએ વર્ષોને વર્ષો પહેલા તૈયાર કરી હતી, જેમાં ચાંદી અને સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. USA., ઊરુગ્વે, મેક્સિકો, વેનેઝુએલા, માલ્ટા, નાઓઝેરીયા, હંગેરી, દક્ષિણ આફ્રિકા, ભૂતાન, શ્રીલંકા, મોરેશિયસ, બ્રાઝીલ, સાયપ્રસ વગેરે દેશો દ્વારા મહાત્મા ગાંધીજીના પ્રસિદ્ધ કરેલા ફર્સ્ટ ડે કવર, પોસ્ટલ સ્ટેમ્પ તથા ભારતીય પોસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા પણ વિવિધ સમયે મહાત્મા ગાંધીજીની સમૃતિમાં પ્રસિદ્ધ કરેલ વિવિધ પોસ્ટલ સ્ટેમ્પ અને ફર્સ્ટ ડે કવરનો સંગ્રહ સચવાયેલો છે. આ સંગ્રહમાં વિવિધ દાતાઓએ આપેલ ભેટ પણ સામેલ છે.



## વલ્લભ સેવા મંડળમાં પણ ગાંધીજીની યાદો સચવાઈ છે



નાનપુરામાં વલ્લભ સેવા મંડળ સંસ્થા (જૂનું નામ પાટીદાર આશ્રમ)ની સ્થાપના ગાંધીજીના બે શિષ્યો કલ્યાણજીભાઈ મહેતા અને કુંવરજીભાઈ મહેતાએ કરી હતી. અહીં ગ્રામીણ વિસ્તારની મહિલાઓને ભણવા રહેવા માટેની વ્યવસ્થા છે. વલ્લભ સેવા મંડળમાં મહાત્મા ગાંધીજીની પાંચ બેઠકો થઈ હતી. 31 જાન્યુઆરી 1922માં અહીં ગાંધીજી આવ્યા ત્યારે વર્કિંગ કમિટીની બેઠક થઈ હતી અને વાઈસરોયને આઝાદી ચળવળ અંગે સૌ પ્રથમ પત્ર લખાયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ અહીં આવતા હતા એટલે ગાંધીજીના સૂચન અનુસાર આ સંસ્થાનું નામ વલ્લભભાઈ પટેલના નામ પર વલ્લભ સેવા મંડળ પડ્યું. અહીં ગાંધીજીનું સ્ટેચ્યુ પણ છે અને તેમનો ફોટો સચવાયેલો છે. અહીંના પુસ્તકાલયમાં ગાંધી દર્શન પુસ્તક છે જેમાં ગાંધીજીના માતા-પિતા, ગાંધીજીનો બાળપણનો અને યુવાની સમયનો ફોટો, કસ્તુરબા ગાંધીનો ફોટો તથા એ સમયની મહત્ત્વની વ્યક્તિઓ સાથેના ઘણા ફોટો જોવા મળે છે. ગાંધીજી રિલેટેડ પુસ્તકો પણ અહીંની લાઈબ્રેરીમાં જોવા મળે છે.

---

મેરી સુરત દેખી આંખે
ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..

## ભગાડી બ્રિટીશરોને, જે બન્યા મહાત્મા ગાંધી, તેને જ મેટ્રોના બેરિકેડે લીધા બાંધી




ભારતને જેણે અપાવી આઝાદી, અને કરી સુખી દેશની આબાદી, તે જ મહાત્મા ગાંધી હવે થઈ ગયા છે મેટ્રોના કેદી... જેની પ્રતિમાથી આશીર્વાદ લઈને કરવામાં આવતાં હતા આંદોલન, તે મહાત્મા ગાંધીની ફરતે રચી દેવાયું છે મેટ્રોના બેરિકેડનું બંધન... જોઈ રહ્યા છે રાહ રાજકારણીઓ, ગાંધીજયંતિએ પહેરાવવા માટે માળા, પરંતુ શું કરે? છે પ્રતિમાની ફરતે બેરિકેડના અનેક જાળા...

---

ઝાંપા બજારનું દેવડી મુબારક એ માત્ર વહોરા સમાજનું પ્રતિનિધિત્વ કરતું સ્થાપત્ય જ નથી પરંતુ 200 વર્ષથી વધુ સમયથી વહોરા જ્ઞાતિનાં ઐતિહાસિક શૈક્ષણિક પરિસરની એક ઝાંખી પણ છે. વહોરા કોમનો સુરતની પ્રગતિમાં ફાળો અનન્ય છે. ઉપરાંત દાવતની ગાદીની સુરતમાં સ્થાપનાથી આખા વ્યાપારિક પરિપ્રેક્ષ્યમાં બદલાવ આવ્યો હતો. તો આજે આપણે વાત કરીએ દાઉદી વહોરા સમાજ અને દેવડી મુબારક વિષે...

# ઝાંપા બજારની શાન દેવડી મુબારક



દુનિયાના અનેક ઐતિહાસિક શહેરોની શેરીઓ પોતાનામાં સદીઓ જૂનો ઈતિહાસ સાચવીને બેઠી હોય છે. એવી જ કંઈક વાત ઝાંપા બજારની દેવડી મુબારકની છે. સુરતના બંદર તરીકેના વિકાસ સાથે જ આ દેવડી પણ પરોક્ષ રીતે જોડાયેલી છે. ૧૬મી સદીમાં રાજકીય અસ્થિરતા અને સતામણીને કારણે દાઈ- અલ-મુત્લક દાવતની ગાદી અમદાવાદમાં સ્થાપિત કરવામાં આવી. ૧૭મી સદીમાં સુરતનું વ્યાપારિક મહત્વ હતું અને તે હજયાત્રા માટેનું મુખ્ય મોગલ બંદર હતું. બંદર મુબારકે આ દાઉદી વેપારીઓને આકર્ષ્યા. તેઓ એ જમાનામાં સ્થાનિક શાસકો અને યુરોપિયન ટ્રેડીંગ કંપની બંને માટે નાણાં ધીરનાર, કસ્ટમ એજન્ટ્સ અને દરિયાઈ વેપારીઓ તરીકે સેવા આપતા હતા. વ્યાપાર માટે મોકળો માર્ગ, વહોરા વેપારીઓની સુગમતા, અને આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વધતી જતી સુરતની ખ્યાતિ વગેરે પરિબળોને ધ્યાનમાં રાખીને ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ૪૨મા દાઈ, સૈયદના યુસુફ નજમુદ્દીનએ દાવતનું મુખ્ય મથક સુરતમાં સ્થાનાંતરિત કર્યું.

દેવડી શબ્દ ઉર્દુ ભાષામાંથી આવ્યો છે જેનો અર્થ થાય છે, ઘરનો ઉંબરો, મુખ્ય પ્રવેશમાર્ગ કે નિવાસસ્થાન થાય છે. જ્યારે મુબારક એટલે આશીર્વાદિત. દેવડી મુબારક એટલે સુરતના વહોરા સમુદાયની પ્રગતિ અને આખા સમુદાયને એક તાંતણે બાંધીને સુરતની પ્રગતિમાં અનન્ય ફાળો આપનારું સ્થાનક...




દેવડી મુબારકના પરિસરમાં જ શ્વેત આરસપહાણની ગુંબજવાળી બે મજાર 'કુબ્બા નઝમિયા'અને 'કુબ્બા ઇઝ્ઝિયા'આવેલી છે. અહીં દાઉદી વહોરા સમાજના સાત દાઈ-અલ-મુત્લકની દરગાહ શરીફ છે, જે ૨૦૦ વર્ષથી વધુના ઈતિહાસની સાક્ષી પૂરે છે. તેની બરાબર બાજુમાં "મસ્જીદે મોઅઝ્ઝમ"શોભાયમાન છે, જેનું મૂળ નિર્માણ ઈ.સ. ૧૮૦૪માં સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીન દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૫૨મા દાઈ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબે ફાતેમી સ્થાપત્ય શૈલીમાં ભવ્ય પુનઃનિર્માણ કરાવ્યું.

મસ્જિદથી આગળ વધતાં કુરાને પાકના પઠન અને હિફ્ઝ માટે સમર્પિત વૈશ્વિક સંસ્થા 'માહદ અલ-ઝહરા' આવેલી છે, જેની સ્થાપના ૧૯૭૬માં થઈ હતી. તેની સમાંતર દાઉદી વહોરા સમાજની સર્વોચ્ચ શૈક્ષણિક અકાદમી અલજામિયા-તુસ-સૈફિયહ સ્થિત છે. આ સંસ્થાનો પાયો ૧૮૧૦માં ૪૩માં દાઈ સૈયદના અબ્દેઅલી સૈફુદ્દીને 'દર્સે સૈફી' તરીકે નાખ્યો હતો. ૫૧માં દાઈ સૈયદના તાહેર સૈફુદ્દીન અને ૫૨માં દાઈ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા વૈશ્વિક સ્તરે વિસ્તરી. આજે સુરત ઉપરાંત કરાંચી, નૈરોબી, મરોલ (મુંબઈ) અને સિદ્ધપુરમાં પણ તેના કેમ્પસ કાર્યરત છે. સંસ્થાની ઇમારતો પર મધપૂડા આકારની (Hexagonal) ડિઝાઇન જોવા મળે છે, જે વિદ્યાર્થીને મધમાખીની જેમ વિવિધ સ્ત્રોતોમાંથી શ્રેષ્ઠ જ્ઞાન ગ્રહણ કરી સમાજ માટે ઉપયોગી બનવાની કુરાની પ્રેરણા આપે છે.

અકાદમીની બરાબર સામે દાઈ સાહેબોનું ઐતિહાસિક નિવાસસ્થાન છે. નિવાસસ્થાનની બરાબર સામે જ શિક્ષણ સંસ્થાની સ્થાપના એ બાબત દર્શાવે છે કે વહોરા સમાજના વડાઓ માટે શિક્ષણનું મહત્વ કેટલું સર્વોપરી રહ્યું છે.

**વ્યાપાર માટે મોકળો માર્ગ, વહોરા વેપારીઓની સુગમતા, અને આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વધતી જતી સુરતની ખ્યાતિ વગેરે પરિબળોને ધ્યાનમાં રાખીને ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ૪૨મા દાઈ, સૈયદના યુસુફ નજમુદ્દીનએ દાવતનું મુખ્ય મથક સુરતમાં સ્થાનાંતરિત કર્યું**

આ હવેલીના કોતરણીવાળા સ્તંભો અને સુંદર ઝરૂખાઓ પ્રાચીન સ્થાપત્ય કળાનો ઉત્તમ નમૂનો છે.

દર વર્ષે યોજાતી 'અલ-ઇસ્તિફાદાહ અલ-ઇલ્મિય્યાહ' જેવી વાર્ષિક શૈક્ષણિક સભાઓ દરમિયાન દેશ-વિદેશથી હજારો લોકો અહીં જ્ઞાન મેળવવા એકત્ર થાય છે. આ વર્ષે પણ તે વાર્ષિક મેળાવડામાં જ્ઞાન મેળવવા દેશવિદેશથી લોકો દેવડી મુબારકમાં ભેગા થયા છે. સુરતની દેવડી મુબારક માત્ર ઈંટો અને પથ્થરોની બનેલી ગલી નથી, પરંતુ તે બે સદીથી વધુ સમયથી અવિરત પીરસાતા જ્ઞાન, ફાતેમી સ્થાપત્ય અને આધ્યાત્મિક સંસ્કારોનું જીવંત પ્રતીક છે.

**વારસાની વરિયાળી**

**દાઉદી વહોરા કોમની બે બાબતો ખૂબ પ્રશંસનીય છે. પહેલી છે તેઓનું કોમ્યુનિટી કિચન કે જેમાં એપ દ્વારા તમે કેટલાં વ્યક્તિઓ છો અને તમારું એડ્રેસ જણાવી દેવાનું અને ટિફીન તમારા સુધી પહોંચી જાય છે અને બીજી બાબત એ છે કે વહોરા કોમમાં સો ટકા શિક્ષણ છે જે કાબિલેદાદ છે.**